**<u>મે.નવસારીના પાંચમા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.નવસારી.</u>**

**<u>ક્રિ.કેસ નં. ૬૭૨૮/૨૦૨૨</u>**

ફરીયાદી: શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : રાહુલ રાજારામ ગવલે

આરોપ : ઈ. પી. કો કલમ – ૨૭૯

---

-: <u>ચુ કા દો</u> :-

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯ મુજબના ગુનાનું તહોમત મુકેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સ બજવણી થતા કોર્ટ રુબરુ હાજર થતા તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલ પુરી પાડી તેઓની સામેના ગુના સબબ પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીએ સ્વેચ્છાપુર્વક સમજી વિચારીને લેખિત કબુલાત પુરસીસ આપી ગુન્હો કબુલ કરી પોતાનો આ પ્રથમ ગુન્હો હોઈ, સામાજીક, આર્થિક સ્થિતિ નબળી હોઈ, પરીવારના ભરણપોષણનો આધાર હોઈ રહેમ કરવા રજુઆત કરેલ છે અને ભવિષ્યમાં ગુનાહીત પ્રવૃત્તિ નહી આચરવાની ખાત્રી આપે છે.

(૩) આરોપી પોતે કબુલાત કરવા માટે બંધાયેલા નથી અને ગુનાની કબુલાત તેમની સામે ઉપયોગમાં લઈ શકાશે તેવી સમજ કરવા છતાંય તેઓ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલતા હોઈ તેઓની કબુલાત ધ્યાને લેતા તેમજ **નામ.ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ. નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર.પેજ નં.૭૦૯**નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું. વધુમાં આ બનાવમાં અન્ય કોઈને ઈજા થયેલ નથી જે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરુ છું.

-:: **<u>હુ ક મ</u>** ::-

આ કામનાં આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ-૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯ મુજબનાં ગુન્હામાં સંયુકતપણે તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/- અંકે **રૂા. પાંચસો** પુરાનો દંડનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિન- ૦૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. ભોગવેલ સજા મજરે આપવી.

**પાંચમાં અધીક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**

**તારીખ : ૧૨/૧૧/૨૦૨૨** **નવસારી.**

**રૂા. ૫૦૦/- અંકે રૂપિયા પાંચસો પુરાનો દંડ રસીદ નં. થી તા. ૧૨/૦૧૧/૨૦૨૨ ના રોજ વસુલ લીધેલ છે.**

**સુપ્રિટેંડેંટ**